# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-08-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ખાંડ પુરવઠો

ખાંડની સંગ્રહખોરી સામે રાજ્ય સરકાર સતર્ક બની છે. ખાંડની સંગ્રહખોરી કરનારાઓ સામે કાર્યવાહી કરવા તંત્ર તૈયારીઓ કરી રહ્યું છે. વર્તમાન સ્થિતી વચ્ચે ખાંડના સ્ટોક, ભાવ અને સંગ્રહખોરી ડામવાના મુદ્દે પુરવઠા મંત્રીની અધ્યક્ષતામાં ગઇકાલે સાંજે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી. પૂરવઠા વિભાગના અધિકારીઓ સાથે ખાંડના જથ્થા અને સંગ્રહ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારની સૂચનાના આધારે રાજ્યમાં જરૂરી સૂચનાઓ જાહેર કરવામાં આવશે. આ બેઠક અંગેની વિગતો આપતા સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં પુરતા પ્રમાણમાં ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે.

**------------------------------------------------------------------------------------**

## UPI

ભારતમાં નાણાકીય ચૂકવણીની ડિજિટલ પ્રણાલિ યુનિફાઈડ પૅમેન્ટ્સ ઇન્ટરફેસ – UPI-ના ગઇકાલે 10 વર્ષ પૂર્ણ થયા છે. UPI-એ નોંધપાત્ર વ્યાપકતા અને વિશ્વનીયતા દ્વારા વૈશ્વિક માન્યતા મેળવી છે. આ પ્રણાલી હવે 11 દેશમાં કાર્યરત્ છે.

**------------------------------------------------------------------------------------**

## ઇદ એ મિલાદ

આજે મુસ્લિમ બિરાદરો ઇદ એ મિલાદ ઉન્નબીનું પર્વ ઉમંગ ઉલ્લાસભેર ઉજવી રહ્યા છે. ઇસ્લામ ધર્મના સંસ્થાપક અને અંતિમ પયગંબર હજરત મહમદ સાહેબના જન્મદિનની આજે ઉજવણી થાય છે. આજનું પર્વ બારા વફાત તરીકે પણ ઉજવાય છે. આજે વિશેષ ઇબાદત કરવામાં આવે છે. સરહદી કચ્છ જિલ્લામાં ભુજ અને અન્ય સ્થળોએ  પરંપરાગત રીતે જુલુસ કાઢવામાં આવે છે.

----------------------------------------------------------------------------------------

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ

આગામી જાન્યુઆરીમાં યોજાનારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આયોજન માટે 13 સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિઓમાં સ્થળ, કાર્યક્રમ અને એક્સેસ મેનેજમેન્ટ, પ્રદર્શન, ભેટ સંભારણું અને ગ્લોબલ ક્રાફ્ટ્સ શોકેસ, દસ્તાવેજીકરણ, કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષા જેવી મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષા સમિતિના વડા તરીકે DGP જી. એસ. મલિકને જવાબદારી આપવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી કેનેડા વિઝિટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ સમિટ ગુજરાત અને કેનેડાના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી. કેનેડા મુલાકાતના બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળના ગુજરાત પ્રતિનિધિમંડળે ગઇકાલે બે ગોળમેજી બેઠક યોજી. એક બેઠકમાં  મુખ્યમંત્રીએ કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સએ વાયબ્રન્ટ સમિટ-2027માં સહભાગીતા માટે દર્શાવેલી ઉત્સુક્તાની પ્રસંશા

કરી. જેના પરિણામે B2B જોડાણો, રોકાણો અને ભાગીદારીના જે નવા માર્ગો ખૂલશે તે કેનેડા-ગુજરાત વચ્ચેના આર્થિક સંબંધો વધુ મજબૂત બનશે.

---------------------------------------------------------------------------------------------------

## સ્વાગત નિવારણ કાર્યક્રમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણ કાર્યક્રમ રાજ્ય સ્વાગત આ ગુરુવારે 27 ઓગસ્ટના રોજ યોજાશે. નાગરિકો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર સવારે 8 થી 11 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

---------------------------------------------------------------------------------------------------

## રક્ષા સૂત્ર કળશ

ગુજરાતની આંગણવાડીની બહેનો દ્વારા 4 લાખ 50 હજાર રાખડીઓનો રક્ષાસૂત્ર કળશ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મહિલા બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષા વકીલની ઉપસ્થિતિમાં સરહદી દળોના અધિકારીઓને સુપ્રત કરાયો. આ રક્ષાસુત્ર કળશનો આર્મી, બી.એસ.એફ, સી.આર.પી.એફ. અને એન.ડી.આર.એફ.ના ગાંધીનગર સ્થિત જવાનોએ સ્વીકાર કર્યો. “એક રાખી દેશ કે જવાનો કે નામ” અંતર્ગત ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી રક્ષાસૂત્ર કળશ મોકલે છે.

---------------------------------------------------------------------------------------------------

## જિલ્લા પંચાયત સામાન્ય સભા

જિલ્લા પંચાયતની આગામી સામાન્યસભા તા. 10 સપ્ટેમ્બરે બપોરે 12 વાગ્યે સભાખંડ ખાતે યોજાશે, આ સભામાં જૈવી વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના સહિતની મુદ્દા આવરી લેવાશે. સભ્યોને પ્રશ્નોત્તરી કરવા એક કલાકનો સમય ફાળવાશે. ગત સામાન્યસભાની કાર્યવાહીને બહાલી અપાશે અને નિર્ણયો પર લીધેલાં પગલાંનો અહેવાલ રજૂ કરાશે તે સાથે પંચાયતી સમિતિઓની બેઠકોની નોંધ બહાલ કરાશે. પ્રમુખ પ્રભાબેન હુણના અધ્યક્ષસ્થાને અને ડીડીઓ ઉત્સવ ગૌતમના સચિવ પદે મળનારી આ બેઠકમાં નાણાપંચના કામો, ફેરફારો, સ્ટેમ્પ ડયૂટી, રોયલ્ટીના કામોના સૂચિત ફેરફારો બહાલ કરાશે. જુદી-જુદી શાખાઓમાં મરંમત કામગીરી સહિત આવરી લેવાશે.

---------------------------------------------------------------------------------

## <u>પ્રતિબંધિત કાપડ વેપાર કાર્યવાહી</u>

ભુજ-માધાપરમાં આર્મી કોમ્બેટ યુનિફોર્મના પ્રતિબંધિત કાપડ વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. મિલિટરી ઇન્ટેલિજન્સ ભુજ અને ભુજ બી-ડિવિઝન પોલીસે  સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ઢાકા આર્મી જનરલ સ્ટોર અને માધાપરના રાઘવ આર્મી એન્ડ સ્પોર્ટ સ્ટોર પર દરોડા પાડયા હતા.

---------------------------------------------------------------------------------

## <u>સ્વાગત કાર્યક્રમ નખત્રાણા</u>

નખત્રાણા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં 11 અરજદારોએ પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાંથી મોટાભાગની રજૂઆતોનો નિકાલ કરાયો હતો. અધ્યક્ષસ્થાનેથી મામલતદાર આર. કે પટેલ તથા ટી.ડી.ઓ. હાર્દિક ગઢવીએ અરજદારોના પ્રશ્નો સાંભળી નિકાલ માટે ખાતરી આપી હતી.

---

# ગાંધીધામ વેપાર ગોષ્ઠી સંવાદ

અમેરિકાના ન્યૂયોર્કથી ગાંધીધામ સુધી વૈશ્વિક વેપાર, રોકાણ અને ઉદ્યોગોનો વ્યાપ વધારવા માટે ગાંધીધામ ચેમ્બર ખાતે ન્યૂયોર્કના ઉદ્યોગ, રોકાણ અને  ઈનોવેશનના પૂર્વ ડેપ્યૂટી કમિશનર અને નાસાઉ કાઉન્ટીના પૂર્વ ડેપ્યૂટી કંટ્રોલર સાથે ઉદ્યોગ વ્યાપાર ગોષ્ઠી અને સંવાદસત્રનું આયોજન કરાયું હતું. આ દરમ્યાન ઉદ્યોગકારોને એઆઈમાં રોકાણ કરવા અંગે ખાસ સૂચન કરાયું હતું.

---